# નવી દિશા, નવાં ખેડાણની પ્રતીક્ષા | હિમાંશી શેલત

[**ગુજરાતી નવલિકાચયન ૨૦૦૪ :** સંપાદક : ભરત નાયક, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પૃ. ૨૦૧, કિં. રૂ. ૧૧૫/-]

કેટલાક નવા અથવા ભાગ્યે જ દેખા દેતા વિષયો ગુજરાતી કથાવિશ્વમાં પ્રવેશી રહ્યા છે એનો સંતોષ 'ગુજરાતી નવલિકાચયન ૨૦૦૪'માંથી પસાર થતાં લઈ શકાય. સંપાદક ભરત નાયકને પણ અત્યારે રચાતી વાર્તાઓ માટે મોટી આશા હોવાનું સમજાય છે. એમને જે નોંધપાત્ર લાગ્યો છે તે વાર્તાકારનો ઉદ્યમ : 'આજનો વાર્તાકાર એકની એક પરિચિત પરિસ્થિતિ, સીમિત અનુભવપ્રદેશ સાથે પણ ઊંડાણ તાગવા ઉદ્યમી જણાયો છે.' આ ઉદ્યમનાં ફળ કેવાં છે એ જોવામાં વાર્તાચાહકોને રસ પડશે. વિષયવસ્તુ કે રજૂઆતના નાવીન્યને કારણે આકર્ષક બનેલી વાર્તાઓ 'ઇસ કી મા કા સુંદરજી' (મહેન્દ્રસિંહ પરમાર), 'યાર્ડમાં પડેલી માલગાડી' (દીવાન ઠાકોર) કે 'હરિકૃપા ફ્લૅટમાં વરસાદ પડ્યો' (મનીષી જાની) અહીં મોજૂદ છે. સામે છેડે ચરિત્રાલેખનથી આગળ વધવા મથતી છતાં એમ કરવામાં સફળ ન થતી રચના 'વનવગડાનો માણસ' (ઇવા ડેવ) પણ હાજર છે. સુમન શાહની જે વાર્તાસૃષ્ટિનો વાચકને પરિચય છે તેનાથી સાવ અલગ પડી જતી 'ખંજર' અહીં સમાવિષ્ટ છે, તો આધુનિક કથનરીતિ સાથે અનુસંધાન કરતી 'વિન્ડોબ્લાઇન્ડ' (બાબુ સુથાર) ભાવકને પડકારી રહી છે.

નગરજીવન અને ગ્રામજીવન – બંને લગભગ સરખે ભાગે આ સંચયમાં વિસ્તર્યાં છે. સમકાલીન સર્જકોને માથેથી એક મહેણું તો ટળ્યું કે એમની નજર હરીફરીને શહેરી જીવનની સમસ્યાઓને જ ખોતર્યા કરે છે. અહીં ગ્રંથસ્થ લગભગ બધી જ કથાઓ નિયતિ અને સ્થળકાળ સામે લાચાર બનેલા, થાકેલા અને હારેલા માનવીની આસપાસ ગૂંથાયેલી છે, પછી એ છેવાડાના સમુદાયની 'ઉજાગરા' (જિતેન્દ્ર પટેલ) અને 'દાણાપાણી' (નવનીત જાની) હોય કે પછી વિકસિત ઝળહળ નગરના અંધારા ખૂણાની 'ખંજર' (સુમન શાહ) યા હતાશાની 'કકુ – એક અનુબંધ' (હરીશ નાગ્રેચા) હોય. દેશ વા પ્રદેશની સામાજિક – રાજકીય બેહાલીની અસર હેઠળ જીવતા સમુદાયનું ઝાંખુંપાંખું ચિત્ર તો આ વાર્તાઓ ધરે જ છે. સમૃદ્ધિ અને પ્રગતિના લાખ દાવા છતાં ઊંડા મંદવાડથી પીડાતો સમાજ સર્જકને દેખાય છે એ આશાસ્પદ ચિહ્ન છે. હજી ઘણું ઘણું જોવાનું ચૂકી જવાયું છે તોયે આટલું કંપન છે તો કાલે વિસ્ફોટ પણ થાય.

કેટલીક બળબળતી સમસ્યાઓયે સર્જકને હાથ ચડી છે જેમકે કોમી તંગદિલીનો તાપ વેઠતું ઝુબેદા-કલ્લોલનું દાંપત્ય 'આ ઝુબેદા, આ કલ્લોલ'માં (શિરીષ પંચાલ) ઝિલાયું છે. પતિ-પત્ની વચ્ચે જે તંગ મનોદશા સર્જાય છે એનું એક કારણ તો બહારનો દાવાનળ છે, છતાં એ ભભૂકતી આગનો સ્પર્શ વાર્તામાં કેમ સાવ ઉપલક અને અછડતો જ જણાય છે એ સમજાતું નથી. 'માત્ર માણસની આંખ જ ત્રાંસી થઈ હતી અને એટલામાં જ ચારે બાજુ અગન- જ્વાળાઓ પ્રગટી ઊઠી' કે 'બહાર તોફાનો ફેલાતાં જ રહ્યાં' જેવાં વિધાનો પેલી ભયાનક સ્થિતિનો અંદાજ આપવાની તાકાત ધરાવતાં નથી. વાર્તાને એથી સીધું નુકસાન થયું છે, બહારનાં રમખાણો સાથોસાથ પ્રસરતો નાયક-નાયિકાનો અજંપો ધારદાર બની શકતો નથી. વળી એક અતિશય સંકુલ અવસ્થાના વિસંવાદને અત્યંત ઝડપી અને સાવ સરળ સંવાદમાં પલટી દેતો વાર્તાનો અંત ભાવકને નિરાશ કરે છે અને આશ્ચર્યમાં પણ મૂકી દે છે.

સંપાદકને મતે 'આજની આપણી વાર્તાનો એક વધુ પ્રબળ અવાજ બાબુ સુથાર છે.' આ પ્રાબલ્યને પામવા ભાવક પ્રવૃત્ત થાય અને પછી એમાં ફાવટ ન આવતાં સંપાદકીયની આંગળી ઝાલે એ સ્વાભાવિક છે. પણ સંપાદકે તો કોઈ એક કાળે 'વિન્ડોબ્લાઇન્ડ'ના કુળની કથાઓ મૂલવવામાં વિવેચકો જે ભાષા પ્રયોજતા એવી ભાષા જ અહીં ઉપયોગમાં લીધી છે. 'વાર્તાઓનું કથન એક વિદગ્ધનાં સંવેદનોથી' રસાયેલું છે, અને એમાં 'કાવ્યના અંશો અને ચિંતન અને એવા સંદર્ભો વિશેષ ગુણ રૂપે આવતા હોય છે કેમકે ત્યાં તત્કાલીન સ્થળ-કાળને અનુરૂપ અર્થઘટન અથવા પુનર્અર્થઘટન થતું હોય છે' (પૃ. ૧૭) વગેરે નિરીક્ષણો તથા લાંબી વિગતો (વાર્તામાંથી) આપ્યા બાદ 'આ બધી વિગતો કલ્પનોખચિત, સરરિયલ લાગતી આધુનિક કથનરીતિની સામગ્રી છે' એમ સંપાદકે કહ્યું. બરાબર, સો ટકા સાચું, પછી ? વાર્તાનું પોત જોવા વ્યાકુળ ભાવક છેવટે વિચારશે કે આ તો વિદગ્ધનાં સંવેદનો, એટલે વિદગ્ધને સમજાય. 'કથાનાયક કંટાળો ટાળવા, એકલતા ભાંગવા અથવા જિજ્ઞાસા સંતોષવા જે ક્રિયામાં પરોવાય છે એમાંનું જગત પણ છેવટે તો એકવિધ, રેઢિયાળ જ બની રહે છે : શેષ જે બચી રહે છે એ માત્ર કુતૂહલ, આ કુતૂહલ જ વાર્તાનું જીવતું તત્ત્વ છે.' એવી સ્પષ્ટતા સંપાદકે તો કરી, પણ વાર્તા છેવટ સુધી વંચાય એટલું કુતૂહલ વાચક પોતાના માંહ્યલામાં જીવતું ભાળે છે કે કેમ, તેનો ઉત્તર એણે સ્વયં, પૂરી ઈમાનદારીથી, આપવાનો.

કિશોર જાદવની 'એ લિફ્ટ સ્વર્ગથી ઊતરી' એક તિલસ્મી દુનિયા ઊભી કરે છે. અહીં 'યથાર્થ અને ભ્રાન્તિવાળું જીવનદર્શન છે છતાં વાર્તાકાર સ્થળ-કાળનાં વર્ણનોને વાસ્તવદર્શી અને નક્કર બનાવી શક્યા છે એવા સંપાદકના નિરીક્ષણ સાથે અસંમત થવાનો સવાલ નથી. એ પછી સંપાદક નોંધે છે કે 'અતિવાસ્તવના અંશો અહીં વાર્તાના તર્કસંગત વિકાસમાં સહાયક બને' છે (પૃ. ૯). વાર્તાને સુસંગત નીવડતા અને તર્કસંગત વિકાસમાં મદદરૂપ બનતા અંશોને અતિવાસ્તવ કહેવાય કે કેમ, એ મુદ્દો વિદગ્ધોને સોંપીને ભાવક કિશોર જાદવની ગદ્યછટાને માણી શકશે. વાર્તા અથથી ઇતિ જે સમજાય તે, પરંતુ અહીં વાર્તાકારના ગદ્યનું આકર્ષણ અવશ્ય અનુભવી શકાય.

વાર્તાકલાનું ગંભીરપણે આરાધન કરનારા સર્જકોમાંના કેટલાક અજિત ઠાકોર, પ્રવીણસિંહ ચાવડા, સુમન શાહ અને હરીશ નાગ્રેચા પોતપોતાની વાર્તાકલા અને સજ્જતાનો પરિચય એમની કૃતિઓમાં આપી શક્યા છે. નવી પેઢીના વાર્તાકારો નવનીત જાની, હેમાંગિની રાનડે, કંદર્પ દેસાઈ અને જિતેન્દ્ર પટેલ ભાવકોને નિરાશ નથી કરતા.

સંપાદનની ગુણવત્તા, કે સંપાદકની કુશળતા સાથે સંબંધ ન ધરાવતી, છતાં તક મળી જ છે તો જરા ઉલ્લેખ કરી દેવા જેવી, એક બાબત નોંધવાની ઇચ્છા છે. આપણે હવે લેખિકાઓ વિશે વાત કરતાં એમની સરખામણી કે એમની નોંધ અન્ય લેખિકાઓ કે એમનાં જૂથ સંદર્ભે ન કરીએ તો વધારે સારું ન ગણાય ? જેમકે અમુક-તમુક લેખિકાને સરોજ પાઠક કે ધીરુબહેન પટેલ સાથે કે (અન્ય કોઈ) લેખિકાઓ સાથે જોવામાં આવે. આમ કરવાથી સરવાળે એવી છાપ ઊભી થાય કે 'મહિલા સર્જકોમાં નોંધપાત્ર' પણ 'સમગ્ર સર્જક સમુદાય'ની આ વાત નથી. મૂલ્યાંકન વખતે લેખિકાને માત્ર લેખિકાઓ સંદર્ભે જ યાદ કરવાની પ્રથા છોડવી જરૂરી છે, એનાથી એમની આસપાસ એક વર્તુળ દોરાઈ જાય છે.

'ગુજરાતી નવલિકાચયન ૨૦૦૪' સંપાદકની રુચિના વ્યાપનો અને રસજ્ઞતાનો પર્યાપ્ત

પરિચય આપે છે. એમણે સંપાદકીયમાં પ્રત્યેક રચનાની વિશિષ્ટતાઓ, સર્જકની કલાસૂઝ અને ક્યાંક ક્યાંક કઠતી મર્યાદાઓનો વિશદ આલેખ આપ્યો છે. ‘દાણાપાણી’માં નવનીત જાનીની પ્રશંસા કરતાં એ કહે છે : ‘કોઈ કુશળ ગઢવીની હબકથી જાણે રસનિષ્પત્તિ સાધી આપતી લોકકથા કહેવાતી હોય એવું આ વાર્તાનું ઋત છે.’ (પૃ. ૧૩). અજિત ઠાકોરની વાર્તાકલા વિશે એ નોંધે છે :

‘કલ્પનોનું ગઠન, કાવ્યમય વિચાર, આત્મીયતાભર્યો સૂર (ટોન), વિષાદી આબોહવા – અજિત ઠાકોરની વાર્તાશૈલીની આ બધી રસકીય સામગ્રી છે. (પૃ. ૧૩). જિતેન્દ્ર પટેલની વાતોની ખૂબી દર્શાવ્યા પછી વાર્તાકાર પર, એમની કથનરીતિ પર પન્નાલાલના લહેકા અને કાકુઓનો દાબ વર્તાય છે એ સંપાદક નોંધવાનું ચૂક્યા નથી. કશું ઊડઝૂડ કે અડધુંપડધું ન રાખતાં (બે વિશિષ્ટ રચનાઓને બાદ કરતાં) ભાવક અને સર્જક વચ્ચે સંપાદકે સેતુ સર્જ્યો છે. એમને એવી પ્રતીતિ છે કે ‘અંગત ઇતિહાસમાંથી ૨૦૦૪ની વાર્તા પૂરા સામર્થ્યથી બહાર આવી છે. આ જ વાર્તાકાર આઘેનું અને ઊંચેનું જોવા પ્રેરાશે તો ગુજરાતી વાર્તાનું ભાવિ વધારે ને વધારે પેલા બૃહદજીવનના વ્યાપ અને ઊંડાણ તાગી લાવશે.’ (પૃ. ૫)

– પણ છેવટે તો આ બાબત ‘જો’ અને ‘તો’ની છે, અને બે વચ્ચે ઠીક ઠીક અંતર છે. આઘેનું, ઊંચેનું, આસપાસનું અને સાવ પડખેનું જોવા-અનુભવવામાં સીધું દાવાનળમાં જ પેસવું પડે. શુદ્ધ વિદગ્ધતા અને નિષ્ઠાભર્યા ઉદ્યમની સાથે, અને પછી એને વળોટીને, બીજું ઘણું હાંસલ કરવું પડે, ચોંટેલું, વળગેલું, નિર્જીવ અને નિરર્થક કંઈ કેટલુંયે ખંખેરવું પડે. આ માટે જે સાહસ અને સ્વતંત્રતા મેળવી શકાશે તે પર ભાવિની વાર્તા નિર્ભર છે. વાર્તાઓ સફળ કે વાચનક્ષમ બનીને, ગદ્યની ચમત્કૃતિ સાધીને, કે માયાવી સૃષ્ટિ રચીને, અટકી નથી જવાનું. એક પ્રાણવાન રચના વાર્તાકારના સામર્થ્યનો પરિચય આપીને અટકી નથી જતી, એ તો પોતાના સાંસ્કૃતિક અને રાજકીય સમયનો ધબકતો અરીસો છે. ૨૦૦૪થી વાર્તા સાચા અર્થમાં કેટલી વિસ્તરે છે, આગળ વધે છે, એની પ્રતીક્ષા કરીએ.

r